# વડાપ્રધાન, શ્રીલંકાના રાષ્ટ્રપતિ અને મોરેશિયસના વડાપ્રધાન શ્રીલંકા અને મોરેશિયસમાં UPI સેવાઓના પ્રારંભના સાક્ષી બનશે

11 ફેબ્રુઆરી, 2024

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, શ્રીલંકાના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી રાનિલ વિક્રમસિંઘે અને મોરેશિયસના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી પ્રવિંદ જુગનાથ 12 ફેબ્રુઆરી, 2024ના રોજ બપોરે 1 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા શ્રીલંકા અને મોરેશિયસમાં યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI) સેવાઓ અને મોરેશિયસમાં RuPay કાર્ડ સેવાઓની શરૂઆતના સાક્ષી બનશે.

ફિનટેક ઇનોવેશન અને ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારત અગ્રણી તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાને ભાગીદાર દેશો સાથે આપણા વિકાસના અનુભવો અને નવીનતાઓ શેર કરવા પર મજબૂત ભાર મૂક્યો છે. શ્રીલંકા અને મોરેશિયસ સાથે ભારતના મજબૂત સાંસ્કૃતિક અને લોકો-થી-લોકોના જોડાણોને જોતાં, આ લોન્ચથી ઝડપી અને સીમલેસ ડિજિટલ ટ્રાન્ઝેક્શન અનુભવ દ્વારા લોકોના વિશાળ વર્ગને લાભ થશે અને દેશો વચ્ચે ડિજિટલ કનેક્ટિવિટી વધશે.

આ લોન્ચથી શ્રીલંકા અને મોરેશિયસની યાત્રાએ જતાં ભારતીય નાગરિકો તેમજ ભારતની યાત્રાએ આવતા મોરેશિયસ નાગરિકો માટે UPI સેટલમેન્ટ સેવાઓ ઉપલબ્ધ થશે. મોરેશિયસમાં RuPay કાર્ડ સેવાઓનું વિસ્તરણ થવાથી મોરિશિયસની બેંકો મોરેશિયસમાં RuPay મિકેનિઝમ પર આધારિત કાર્ડ ઇશ્યૂ કરવામાં સક્ષમ બનશે અને ભારત અને મોરેશિયસ - બંનેમાં લોકોને RuPay કાર્ડના ઉપયોગની સુવિધા મળશે.

**નવી દિલ્હી**
**11 ફેબ્રુઆરી, 2024**